# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- આવતીકાલે યોજાનાર લોકસભાની પાંચમા તબક્કાની 49 બેઠકોની ચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ..
- સમગ્ર રાજ્યમાં અંગ દઝાડતી ગરમીની લહેર- અમદાવાદ સહિત પાંચ શહેરોમાં પારો 45એ પહોંચ્યો- હવામાન વિભાગે આગામી પાંચ દિવસ કાળઝાળ ગરમીની આગાહી કરી..
- રાજકોટમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી શરૂ કરાશે...પ્રથમ તબક્કામાં દસ હજાર મીટર લગાવાશે..
- દર રવિવારે અમદાવાદમાં ચાલતાં નમો પુસ્તક પરબની મુખ્યંત્રીએ મુલાકાત લીધી.. વાંચનને સારી ટેવ કેળવવા મુખ્યમંત્રીની અપીલ..
- આરોગ્ય માટે જોખમરૂપ કેલ્શિયમ કાર્બાઇડથી ફળો પકવતાં વેપારીઓને સરકારે ચેતવ્યા.. આવા વેપારીઓ સામે કડક પગલાં લેવાની તંત્રને સૂચના..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FIFTH PHASE ELECTION

આવતીકાલે યોજાનાર લોકસભાની પાંચમા તબક્કાની 49 બેઠકોની ચૂંટણી માટેની તમામ તૈયારીઓ ચૂંટણી પંચે પૂર્ણ કરી લીધી છે. મુક્ત, ન્યાયી અને શાંત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે. ઇવીએમ, વીવીપેટ અને ચૂંટણીની સામગ્રી સાથે ચૂંટણી અધિકારીઓ તેમના સંબંધિત મતદાન મથકો પર રવાના કરવામાં આવ્યા છે.

8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 લોકસભા બેઠકો પર આવતીકાલે મતદાન થવાનું છે. જેમાં મહારાષ્ટ્રની 13, ઉત્તરપ્રદેશની 14, પશ્ચિમ બંગાળની 5, બિહાર અને ઓડિશાની 5-5, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની 1-1 બેઠકનો સમાવેશ થાય છે. ઓડિશા વિધાનસભાની 35 વિધાનસભા મત વિસ્તારો માટે પણ આવતીકાલે એક સાથે મતદાન થશે.

અત્યાર સુધી લોકસભા ચૂંટણી 2024માં સરેરાશ 66.95 ટકા મતદાન થયું છે. હાલમાં ચાલી રહેલી સામાન્ય ચૂંટણીઓના પ્રથમ ચાર તબક્કા દરમિયાન આશરે 45 કરોડ 10 લાખ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

# WEATHER

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યનાં કેટલાંક ભાગોમાં ગરમીનું ભીષણ મોજું ફરી વળશે.

કેટલાંક જીલ્લાઓમાં યલો એલર્ટ તો કેટલાક જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત પવન ફૂંકાવાને કારણે અકળામણનો અનુભવ થશે.

આજે રાજ્યના અનેક જીલ્લાઓનું મહત્તમ તાપમાન 44 ડિગ્રીથી વધુ નોંધાઇ શકે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન 45 ડિગ્રી

સુધી પહોંચે તેવી આગાહી છે. આગામી પાંચ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જીલ્લોનાં મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રીનો પણ વધારો થઇ શકે છે.

અમદાવાદ, ડીસા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, ગાંધીનગરમાં 45 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમરેલી, કંડલા, ભૂજ, કેશોદ, વલ્લભવિદ્યાનગરમાં 46, ભાવનગરમાં 42 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયું છે.

અરવલ્લી જિલ્લામાં સરેરાશ તાપમાન 42 થી 44 ડિગ્રી સુધી નોંધાયું છે.

# HEATWAVE 108 CALLS

અમદાવાદમાં હીટવેવના કારણે સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હીટવેવના કારણે અમદાવાદમાં લૂ લાગવાના, ઝાડા- ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. મે મહિનાના 18 દિવસોમાં અમદાવાદમાં 108ને 4 હજાર 131 કોલ મળ્યા છે. કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં 216 દર્દીઓને સારવાર આપવામાં આવી છે. સૌથી વધુ 8 મી મેએ ના 108 સેવાને 286 કોલ મળ્યા હતા.

લોકોને હીટવેવથી બચવા અને જરૂરી પગલા લેવા માટેની સૂચના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે તથા તમામને સાવચેત રહેવા પણ સૂચના આપવામાં આવી છે.

# RAJKOT- PGVCL

રાજકોટ શહેરમાં તબક્કાવાર સ્માર્ટ મીટર લગાવવામાં આવશે.

રાજકોટમાં પીજીવીસીએલના અધિકારી આર. જે. વાળાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં 10 હજાર મીટર લગાવવામાં આવશે. પ્રથમ રહેણાંક વિસ્તારોમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે.

**(બાઇટ- આર.જે. વાળા)**

# CM- NAMO PUSTAK PARAB

'નમો પુસ્તક પરબ' ની 151 મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી..વાંચનને એક આદત બનાવવાના હેતુથી સંસ્કૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે શરૂ કરાયેલી આ પુસ્તક પરબમાં 3,000 થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે..મુખ્યમંત્રીએ પુસ્તકોને રસપૂર્વક નિહાળી આ પ્રવૃત્તિને બિરદાવી હતી.. મણીનગર સ્થિત ઉત્તમનગર ગાર્ડન પાસે દર રવિવારે ફૂટપાથ પર પુસ્તકોનું પ્રદર્શન યોજાય છે.

# FSSAI- fruit

ફળો પકવવામાં કેલ્શિયમ કાર્બાઇડના પ્રતિબંધનું પાલન કરવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ફળોના વેપારીઓને ચેતવણી આપી છે.

FSSAI એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા વિભાગોને પણ સતર્ક રહેવા અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ધારો, 2006 અને તેના હેઠળ બનાવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર આવા ગેરકાયદેસર વ્યવહારમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે ગંભીર પગલાં લેવા અને કડક કાર્યવાહી કરવાની સૂચના આપી રહી છે.

કેલ્શિયમ કાર્બાઈડ, સામાન્ય રીતે કેરી જેવા ફળોને પકવવા માટે વપરાય છે, જે એસીટીલીન ગેસ છોડે છે જેમાં આર્સેનિક અને ફોસ્ફરસના હાનિકારક દ્રવ્યો હોય છે. આ પદાર્થો, જેને 'મસાલા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગંભીર રોગોનું કારણ બની શકે છે જેમ કે ચક્કર આવવા, વારંવાર તરસ લાગવી, બળતરા થવી, નબળાઇ આવવી, ગળા મુશ્કેલી, ઉલટી અને ચામડીના અલ્સર વગેરેમાં એસીટીલીન ગેસ આરોગ્ય માટે જોખમી છે.

# DAMAN- DEAR PARK

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીમાં આવેલા હરણ પાર્કમાં વિવિધ પ્રજાતિના 500થી વધુ હરણો મુક્તમને વિહરતા જોવા મળે છે. આ પાર્કમાં હરણને પાંજરામાં પુરવામાં આવતા નથી પણ પાર્કમાં ખુલ્લા ફરતા જોવા મળે છે. અહીં 400થી વધુ હરણ અને નીલગાય જોવા મળે છે. દર વર્ષે 80 હજારથી વધુ પ્રવાસીઓ આ પાર્કની મુલાકાતે આવે છે.

દાદરાનગર હવેલી વન વિભાગ દ્વારા સંચાલિત પાર્કમાં પ્રવાસીઓ માટે વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ અંગે માહિતી આપે છે, પાર્કના ઇન્ચાર્જ અધિકારી રાજુ પરમાર....

**(બાઇટ- રાજુ પરમાર-ઇન્ચાર્જ અધિકારી)**

# POICHA- DURGHATNA UPDATE

તાજેતરમાં પોઇચામાં સાત વ્યક્તિઓના ડૂબી જવાની ઘટના બન્યા બાદ નર્મદા જિલ્લા તંત્ર દ્વારા નર્મદા નદીમાં સ્નાન અથવા કોઈપણ જાતની વિધિ કરવા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નર્મદા નદી તટથી લગભગ એક કિલોમીટર દૂરથી જ મુલાકાતીઓને રોકવામાં આવે છે અને ખાસ કરીને પોઇચા મંદિર પાસેથી જ બેરીકેટ લગાવી દેવામાં આવ્યા છે.

# RAJKOT- CANCER FASHION SHOW

રાજકોટમાં સૌ પ્રથમવાર કેન્સર વોરિયર્સના લાભાર્થે ફેશન- શો યોજાયો. આ તકે આયોજક જ્યોતિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત આ સૌથી મોટા ફેશન શોનો લિમ્કા બૂક ઓફ રેકોર્ડ અને ઇન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સમાવેશ કરવા માટેની કાર્યવાહી કરાશે.

દર્દીઓને 'કેન્સર એટલે કેન્સલ નહીં'ની પ્રેરણા આપવા રાજકોટમાં કેન્સર ક્લબ દ્વારા ફેશન- શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેશન- શોનો ઉદ્દેશ

કેન્સર જેવા ગંભીર રોગ અને તેની સારવાર વિશે જાગૃતિ ફેલાવવાનો તથા લોકોમાં કેન્સરગ્રસ્તો માટે હકારાત્મક અભિગમ કેળવવાનો હતો.

આ ફેશન- શોમાં કેન્સરની સારવાર ચાલી રહી હોય તેવી 75 મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં 18 વર્ષની યુવતીથી માંડી 80 વર્ષના વૃધ્ધાઓએ પરંપરાગત અને ઈન્ડોવેસ્ટર્ન અને વેસ્ટર્ન પહેરવેશની થીમ આધારિત રેમ્પ વોક કર્યું હતું. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ACCIDENT/ AAG

દાંતાથી અંબાજી તરફ આવી રહેલી એક કારે બાઈકચાલકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.. કારની સ્પીડ એટલી વધુ હતી કે, બાઈક ચાલક રોડ ઉપરથી પટકાતા બાઈક ચાલકને ગંભીર ઈજા થતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.. જો કે, આ અકસ્માત સર્જી કાર ચાલક થયો નાસી છૂટ્યો હતો.. આ અંગે સ્થાનિક પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજી તરફ લખતર- વિરમગામ હાઇવે નજીક એક ખાનગી કંપનીમાં જીરૂં, વરિયાળી, અજમો, એરંડાના મોટા જથ્થામાં બપોરના સમયે કોઇ કારણોસર આગ લાગી હતી. કંપનીમાં કામ કરતા લોકોએ આગને કાબૂમાં લેવાના પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગરમીના કારણે આગ વધુ વિકરાળ બનતાં કંપનીનો 3 હજાર ટન જેટલો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. સુરેન્દ્રનગર વઢવાણ ફાયર ફાઇટર વિભાગને જાણ કરવામાં આવતાં ત્યાંની ટીમ તત્કાળ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ બુઝાવવા પાણીનો મારો ચલાવ્યો હતો. લખતર પોલીસે ઘટનાસ્થળે દોડી આવી હતી અને અકસ્માતની વિગતો નોંધી છે.

## TAPI- ANOKHA LAGN

તાપીના ઉખલદા ગામે અનોખી રીતે લગ્નપ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણ પ્રેમી વિજેશ ગામીત દ્વારા લગ્નપ્રસંગે વરરાજા અને તેમના પરિવારજનોને લાલ ચંદન અને અંજીરના છોડ આપીને વધુ વૃક્ષો વાવવાનો સંદેશો આપવામાં આવ્યો હતો.. સાથેસાથે લગ્ન પ્રસંગમાં આવેલા તમામ લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવાનો સંદેશો પણ આપવામાં આવ્યો હતો.

## DANG- SAFETY TRANING

ડાંગ જીલ્લામાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના વઘઇ વિભાગના કર્મચારીઓની વઘઈ કૃષિ યુનિવર્સીટી ખાતે એક દિવસીય સેફટી ટ્રેનિંગ યોજાઈ ગઇ. આહવા સિવિલ હોસ્પિટલનાં ડો. જીજ્ઞેશ પટેલે પ્રત્યક્ષ નિર્દેશન દ્વારા ચોમાસા દરમિયાન વીજ સમારકામની કામગીરી વેળા થતી નાની મોટી ઇજા, વીજ અકસ્માત બાદ લેવાતાં પગલા વિશે સમજણ આપી હતી.